અપીલ અરજી નં.૨૧૪ તા.૧૨–૧૦–૦૯/૧૦

અરજદારઃ– શ્રી કેતનભાઈ બાબુભાઈ વાઘાણી

સામાવાળાઃ– એડીશનલ સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી બ્રીજસેલ

***ફરીયાદની હકીકતઃ–***

***વિષય :***– આરટીઆઈ એકટ હેઠળ શ્રી કેતનભાઈ બાબુભાઈ વાઘાણીની આઈ ડી. નં.૨૭૩ તા.૮–૯–૦૯ ની અરજીથી મુદ્દા નં.૧ કપોદ્રા ફ્લાય ઓવરબ્રીજ ૧૨ મહીનાના બદલે ૨૬ મહીને આશરે ૬૦% પૂરો થયો છે ત્યારે ઈજારાદારને કેટલી વખત નોટીસ ફટકારવામાં આવી અને કેટલી વખત પેનલ્ટી કરવામાં આવી? મુદ્દા નં.(૨) નવો અમરોલી પુલ ૨૪ મહીનાના બદલે ૨૯ મહીના પછી માંડ આશરે ૫૦% પૂરો થયેલ છે ત્યારે ઈજારાદાર સમે કોઈ પગલા ભરવામાં આવ્યા છે કે કેમ? મુદ્દા નં.(૩) તાપી પુલ કે ફ્લાય ઓવર બ્રીજના કામ ટેન્ડરની સમય મર્યાદા બાદ પૂરો નહીં થાય તો ટેન્ડરની શરત મુજબ કાર્યવાહી થઈ શકે કે કેમ? મુદ્દા નં.(૪) તાપીપુલ અને ફ્લાય ઓર બ્રીજના કામો સમયસર પૂરા નહીં થાય તો કોની જવાબદારી નકકી થાય છે? મુદ્દા નં.(૫) જો આની પર કોઈ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી નથી તો તે માટે જવાબદાર અધિકારી પર કોઈ કાર્યવાહી કરવામાં આવી છે કે નહીં? શા કારણે તેની માહિતી આપવા બાબત.

***સંદર્ભ :***– અરજદાર મજકુરની તા.૧૨–૧૦–૦૯ ની અપીલ અરજી નં.૨૧૪/૨૦૦૯–૧૦

શ્રી કેતનભાઈ બાબુભાઈ વાઘાણીની આઈ ડી. નં.૨૭૩ તા.૮–૯–૦૯ ની અરજીથી બ્રીજ સેલ/આરટીઆઈ/ આ.નં. ૧૧ તા.૩૦–૯–૦૯ ના પત્રથી મળેલા મળેલા પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૧૨–૧૦–૦૯ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૭૯૨ તા.૨૧–૧૦–૦૯ થી એડીશનલ સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી બ્રીજસેલ તથા અરજદારને મુળ અરજીની નકલ, ફી ભર્યાની વિગત તેમજ નારાજગીના કારણો અંગેના આધાર/પુરાવાઓ કે તેના વાજબીપણાના કારણો વિગેરેનું વિવરણ જણાવવા પત્ર પાઠવામાં આવેલ. જેના અનુસંધાને અરજદાર તરફથી કે જાહેર માહિતી અધિકારી તરફથી કોઈ પૂરક વિગતો અત્રેના વિભાગને મળેલ નથી. પરંતુ જાહેર માહિતી અધિકારી ધ્વારા અરજદારને પાઠવવામાં આવેલી માહિતી પત્રની નકલ તથા સંદર્ભ મળેલ છે.

અરજદારની તા.૮–૯–૦૯ ની અરજીથી ઉપરોકત વિષયમાં જણાવેલ મુદ્દા નં.૧ થી ૫ ની માહિતી જાહેર માહિતી અધિકારી કક્ષાએથી બ્રીજસેલ/આરટીઆઈ/આ.નં.૧૧ તા.૩૦–૯–૦૯ થી અરજદારને સમય મર્યાદામાં પૂરી પાડવામાં આવેલ છે. જેમાં મુદ્દા નં.૧ કાપોદ્રા ફ્લાય ઓવરબ્રીજ ૧૨ મહીનાના બદલે ૨૬ મહીને આશરે ૬૦% પૂરો થયો છે ત્યારે ઈજારાદારને કેટલી વખત નોટીસ ફટકારવામાં આવી અને કેટલી વખત પેનલ્ટી કરવામાં આવી? તેવી માહિતી માંગવામાં આવેલ. જે અંગે જાહેર માહિતી અધિકારી તરફથી " કાપોદ્રા ફ્લાયઓવર બ્રીજના કામે ઈજારાદારને કુલ ૭ નોટીસ આપવામાં આવેલ છે પરંતુ સદર કામે મુળ આયોજન પાણી ખાતાની મુખ્ય લાઈનો સ્થળાંતર કરવા ખાનગી જગ્યા સંપાદન ન થઈ શકતાં, આયોજનમાં ફેરફાર કરવો પડેલ તેમજ હાઈડ્રોલીક,ડ્રેનેજ, જી.ઈ.બી. લાઈનો તથા થાંભલાના સ્થળાંતર કરવા માટેના પ્રશ્નોના લીધે પણ આ કામે વિલંબ થયેલ છે. આમ છતાં પણ કામનો પ્રોગ્રેસ જળવાઈ રહે અને કામગીરી વહેલી પૂર્ણ થાય તે માટે ઉપર જણાવ્યા મુજબ વખતોવખત ઈજારાદારને નોટીસ આપવામાં આવેલ છે. પરંતુ પેનલ્ટીની રકમ વસુલ લ ેવામાં આવેલ નથી અને કામગીરી પૂર્ણ થયેથી આ કામે થયેલ વિલંબ બાબતે ગુણદોષ ધ્યાને લઈને સક્ષમ સત્તા તરફે નિર્ણય થયેથી પેનલ્ટી વસુલ કરવા બાબતે નિર્ણય લેવામાં આવશે. તેવી માહિતી અરજદારને પૂરી પાડવામાં આવેલ છે. મુદ્દા નં.(૨) નવો અમરોલી પુલ ૨૪ મહીનાના બદલે ૨૯ મહીના પછી માંડ આશરે ૫૦% પૂરો થયેલ છે ત્યારે ઈજારાદાર સામે કોઈ પગલા ભરવામાં આવ્યા છે કે કેમ? તેવી માહિતી માંગવામાં આવેલ. જે અંગે જાહેર માહિતી અધિકારી કક્ષાએથી " નવા અમરોલી પુલના કામે જુદા જુદા ભૌગોલિક/ ટેકનીકલ કારણોસર વિલંબ થયેલ હોય હાલ ઈજારદાર સામે પગલા લેવાના થતાં નથી. આમ હવે પછીના ઈજારદાર તરફેના કારણોને લીધે વિલંબ થયેલો જણાશે તો તેવા સંજોગોમાં જે તે તબકકામાં થયેલ વિલંબ માટે ટેન્ડરની શરત મુજબ પગલા ભરવામાં આવશે. તેવી માહિતી પૂરી પાડવામાં આવેલ છે. મુદ્દા નં.(૩) તાપી પુલ કે ફ્લાય ઓવર બ્રીજના કામ ટેન્ડરની સમય મર્યાદા બાદ પૂરો નહીં થાય તો ટેન્ડરની શરત મુજબ કાર્યવાહી થઈ શકે કે કેમ? તેવા પ્રશ્નના જવાબમાં જાહેર માહિતી અધિકારી કક્ષાએથી " તાપી પુલ કે ફ્લાય ઓવર બ્રીજના કામોમાં ઈજારદારના કારણે વિલંબ થાય તો ટેન્ડરની શરત મુજબ પગલા ભરવામાં આવશે તેવી માહિતી પૂરી પાડવામાં આવેલ છે. મુદ્દા નં.(૪) તાપીપુલ અને ફ્લાય ઓવર બ્રીજના કામો સમયસર પૂરા નહીં થાય તો કોની જવાબદારી નકકી થાય છે? મુદ્દા નં .(૫) જો આની પર કોઈ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી નથી તો તે માટે જવાબદાર અધિકારી પર કોઈ કાર્યવાહી કરવામાં આવી છે કે નહીં? શા કારણે તેની માહિતી માંગવામાં આવેલ. જે અંગે જાહેર માહિતી અધિકારી કક્ષાએથી મુદ્દા નં.૪ અને ૫ બાબતે જાહેર માહિતી અધિકારી કક્ષાએથી તાપીપુલ અને ફ્લાય ઓવર બ્રીજના કામો માટે જરૂરી એવી જમીનની સંપ્રાપ્તતા ,દબાણ વિગેરે દુર કરવા સહિતના પ્રશ્નો ઉપસ્થિત થાય છે. તદઉપરાંત બ્રીજના કામમાં નડતરરૂપ

વિવિધ સર્વીસો જેવી કે પાણી, સ્ટ્રોર્મ ડ્રેનેજ, કબ્જો, જી.ઈ.બી.ની લાઈનો/થાંભલાઓ વિગેરે પણ આયોજન મુજબ ખસેડવાના રહે છે. આમ આ પ્રોજેકટ માટે જુદા જુદા ખાતાઓના સંકલનમાં રહી ટ્રાફીકની વ્યવસ્થાના પ્રશ્નોને ઘ્યાને લેવા ઉપરાંત ચોમાસાની ઋતુ તથા અન્ય ટેકનીકલ કારણોસર નિર્ધારિત  સમયમાં કામગીરી પૂર્ણ કરી શકાતી નથી. આમ છતાં પણ ઈજારદાર તરફે કોઈ પણ કારણોસર વિલંબ થાય તો ટેન્ડરની શરત મુજબ શિક્ષાત્મક પગલા લેવામાં આવે છે. " તેવી માહિતી અરજદારને પૂરી પાડવામાં આવેલ છે. તેમ છતાં અરજદારે તા.૧૨–૧૦–૦૯ ના રોજ કરેલ અપીલ અરજીમાં  માહિતીના પ્રશ્નોનું અર્થઘટન બરાબર નથી અને ખોટી માહિતી આપેલ છે તેવા કારણસર અપીલ અરજી કરેલ છે. પરંતુ તે અંગે અરજદારને નં.આરટીઆઈ સેલ/૭૯૨ તા.૨૧–૧૦–૦૯ થી નારાજગીના કારણો અંગે આધાર અને વાજબીપણું રજૂ કરવા પત્ર પાઠવી તક આપવામાં આવેલ. તેમ છતાં અરજદારે કોઈ પૂરક વિગતો અપીલ સાથે કે અપીલ તબકકે  અરજદાર પક્ષ તરફથી મળેલ નથી. અરજદારે મુળ માહિતી ફલાય ઓવર બ્રીજના વિલંબના કારણો અને તેણે લીધેલા પગલાની માંગેલ છે. જે અંગે જાહેર માહિતી અધિકારી કક્ષાએથી વિલંબ અંગે વિવિધ પ્રશ્નો  અને તેના કારણો તથા વિલંબ અંગે ભરી શકાતા પગલા અને ભરેલા પગલાની માહિતી પૂરી પડાયેલ છે.

***હુકમ***

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ઘ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૮–૯–૦૯ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી અંગે દફતરી ઉપલબ્ધ હકીકતલક્ષી માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી અરજદારને સમય મર્યાદામાં પૂરી પાડવામાં આવેલ હોઈ માહિતી અંગે કોઈ હુકમ કરવાનો રહેતો ન હોઈ અપીલ અરજી દફતરે કરવામાં આવે છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ :   –૧૧ – ૦૯

ડે.કમિશ્નર(જનરલ),
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

પ્રતિ
(૧) એડીશનલ સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી.બ્રીજસેલ.... જાણ તથા અમલ માટે
(૨) શ્રી કેતનભાઈ બાબુભાઈ વાઘાણી